# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૬૦ • તા.૩ થી ૯ જુન ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# કેડીઓ ભાંડુપ સંઘમાં શ્રી આદિનાથ દાદા જિનાલયની ૭૮મી ધ્વજાનો કાર્યક્રમ ભવ્ય ભાવ સાથે સંપન્ન થયો





insurancekhoj.com™

the ultimate stop for insurance™

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# ધનપતિની મનોવૃતિ

મહાનચિંતક રસ્કિન કહ્યું છે કે જે માણસ પોતાના ધનમાંથી દાન કરી શકે છે અને બીજાને આપી શકે છે તે ખરેખર શ્રીમંત છે. ધનના ઢગલા પડ્યા હોય પણ અન્યને આપવા માટે હાથથી છૂટી ન શકે એ ધન ધૂળ બરાબર છે. પોતાની પાસે જરૂરિયાત કરતાં ઓછું હોય તે છતાં બીજાને તેમાંથી આપી શકે તે મનનો મહારાજા છે. આ ઉદારતા ધન્ય ધન્ય છે. કેટલાક માણસો અજ્ઞાત ભયના કારણવશ કે નામના અર્જિત કરવા મને કમને થોડું ઘણું ધન કરનાર અને મેં આટલું ધન દાન કર્યું. આટલી સખાવત કરી આવો ઢંઢેરો પીટનારાને પુણ્ય જમા થાયે તેના કરતાં વધુને વધુ પ્રસિદ્ધિ મળે એમાં રસ હોય છે. જે જાહેરાત કરીને દાન કરે છે, જે વાતે વાતે ગણત્રી કરીને સખાવત કરતો હોય એ માણસ સાચો દાનવીર નહીં પણ ખરો વેપારી છે.

માણસ ધન કમાય છે અને તેનો સંગ્રહ કરે છે. સંગ્રહેલી સંપતિ દિવસો દિવસ વધતી રહે છે. પણ તેનો ઉપયોગ થતો નથી બહુધા લોકો જીવનમાં જેટલું કમાય છે. જેટલું ધન સંગ્રહ કરે છે તેટલું વાપરી શકતા નથી. જમા કરેલું ધન તિજોરીમાં બંધ રહી જાય છે અને જીવ પરલોક સિધાવી જાય છે. ઉપયોગ કર્યા વગરની સંપતિથી વધુ સુખ મળતું નથી. વધુ કમાણીની આશાથી અસંતોષ જન્મે છે અને લાય બળતરામાં સુખ ક્રમશ ઘટતો જાય છે. તૃષ્ણા અને લોભ મન પાસે ન કરવાના કામ કરાવે છે. લાભને થોભ નથી. જેટલું મળ્યું છે એ ઓછું લાગે છે. બધે બધુ મળી જાય તો પણ મન ભરાશે નહીં લોભની દ્રષ્ટિ લાભ મેળવવા તરફ હોય છે. તેમને સંતોષ ધરવ કદી થવાનો નથી. તેમની ધન વધુ મેળવવાની લાલસા, તૃષ્ણા દિવસો દિવસે વધતી જાય છે એ કદી તૃપ્ત થવાની નથી. તેમની આશા વણછીપી રહે છે. આજે જે નથી મળ્યું તે આવતી કાલે મળશે એ આશામાં તે સતત હડીયા પટ્ટી કરે છે. લોભનું સ્વરૂપ સુક્ષ્મ છે પણ તેનો વિસ્તાર ઘણો વિશાળ છે. ધનના મોહમાં માણસ અંધ બની જાય છે. પછી તે મનો ચક્ષુની સુક્ષ્મ નજરથી તે શું વર્તન કરે છે. કઈ દિશામાં ગમન કરે છે તે પણ તેને ખબર પડતી નથી. સ્વભાવથી લોભી હોય તે જલદી પરખાઈ જાય છે. પણ જેમની મનોવૃત્તિ ટૂંકી હોય તે કળાતો નથી. મોહ માણસની આંખમાં દેખાય, ક્રોધ ચહેરા પર જણાઈ આવે. પરંતુ જેમનું મન લોભી હોય એ ઝટ કળાતો નથી. લોભીને પોતાને પણ જાણ નથી હોતી. તે પોતાની જાતને ઉદાર, દિલદાર સમજતો હોય છે. અન્યના દુ:ખને જોઈને તેને અરેરાટી થાય છે. પણ તેમાંથી તેને ઉગારવા પ્રયત્ન કરતો નથી કે તેને તેના દુ:ખમાં ઉગારવા સ્વ પ્રયત્ન કરતો નથી કે પોતાની શક્તિ સંપતિ કે સાધનનો ઉપયોગ કરતો નથી.

માણસને ગજાથી અધિક મળે એ પણ ચિંતાનો બોજ છે. જેટલું નિજાનંદપૂર્વક વપરાશ થાય. પોતાના માટે નહીં પણ અન્ય માટે ઉપયોગી થાય એ ધન-સંપતિ કલ્યાણકારી છે. જેટલું ધન સારા માર્ગે વપરાય એનાથી દીન દુખિયાના કષ્ટ હરાય, તેમના આંસુ લૂંછવા માટે વપરાય તે ધનની સદગતિ છે. સારી દિશા છે અને ધન માલિકની પ્રગતિ છે.

-જય જ્ઞાતિમૈયા

# બધા દુઃખનું મૂળ આસક્તિ

માણસ શાંતિની શોધમાં સતત ફાંફા મારે છે. વ્યર્થ અહીં તહીં ભટકે છે પણ સાચી અને શાશ્વત શાંતિ ભીતરમાં મળે છે તે કેમ ઉદ્દભવતી નથી તે મોટો પ્રશ્ન છે. જ્ઞાનીજનો કહે છે કે અંદર જે કચરો છે, જાળાંઓ ગૂંચવાયેલા છે તેને સદંતર દૂર કરવાની જરૂર છે. સ્વાર્થ, વાસના, કામ, ક્રોધ, લોભ, અહંકાર અને પૂર્વગ્રહના આવરણો અંદરના સુખ શાંતિને બહાર નીકળવા દેતા નથી. આ બધા મલિન આવરણોને ભેદી શકાય તો સુખ અને શાંતિ એની મેળે ઉદ્‌ભવે છે. જ્યાં સુધી માણસ અંદરથી ખુશ ન હોય ત્યાં સુધી આનંદનો અનુભવ કરી શકતો નથી. તનાવ અંદર પ્રસરેલો હોય ત્યારે આંતરિક શાતા મળતી નથી. સુખએ આનંદની અનુભૂતિ છે. બહારના સુખની સૃષ્ટિ ઝાંઝવાના જળ જેવી છે. જેમ જેમ નજીક સરકતા જાવ તેમ તેમ તે દૂર થતી જાય છે અને અંતે નિરાશા સાંપડે છે. અંતરને ઓળખવાની સાચી દૃષ્ટિ જેણે કેળવી છે તેને માટે સુખ અને શાંતિનો સ્ત્રોત અંદરથી વહેતો રહે છે. સ્વાર્થ, ક્રોધ, લોભ, લાલસા અને આસક્તિ શાંતિ અનુભવવા દેતા નથી. આ બધું જાણવા છતાં જીવનમાં ઉતારી શકાતું નથી.

ગીતામાં જણાવાયું છે કે બધા દુઃખનું મૂળ આસક્તિમાં છે. માટે અનાસક્ત બનો. ભગવાન મહાવીરે કહ્યું છે કે દુઃખનું મૂળ કારણ હિંસા છે જાણો કે અજાણ્યો બીજાને દુઃખ કે કષ્ટ ન આપો. તો ભગવાન બુધ્ધે કહ્યું છે કે તૃષ્ણા જ દુઃખનું મૂળ છે. આ બધાનો મૂળભૂત ભાવાર્થ એ છે કે આપણે રાગ, દ્વેષ, લાલસા, પરિગ્રહ, સતાને કીર્તિ જેની પાછળ આંધળી દોટ મૂકી રહ્યાં છીએ એ ક્ષણિક વસ્તુ છે. તે મૃગજળવત છે. તેનું સુખ કાયમી નથી. આભાસી છે સાચું સુખ એ છે જે સદાય સુખમય રહે અને કદી દુઃખમાં ન પરિણામે. જીવનમાં રાગ અને દ્વેષ એટલા પ્રબળ છે. જે માણસને ગુલામ બનાવી દે છે. મોહ અને આસક્તિના બંધનોમાંથી મુક્ત થવાનું સરળ નથી. આપણને નાની અને નકામી વસ્તુઓ પ્રત્યે પણ મોહ અને આસક્તિ હોય છે. જેને છોડવાનું આપણે જીવ ચાલતો નથી. આ ક્ષુલ્લક ચીજ વસ્તુઓનો મોહ આપણી માટે બંધન રૂપ બને છે. આ બંધન કે વળગણને આવપણે ઝટ છોડી શકતા નથી. આ બંધન કે વળગણ આપણને કોઈ બાંધ્યા નથી આપણે જાતે બંધાઈ ગયા છીએ. આ વલણથી ત્યાગી બની શકાય નહીં.

જીવનમાં ત્યાગનું મહત્વ અતિ છે. જેટલી આપણી જરૂરિયાત ઓછી એટલું સુખ વધું. મનમાં મારાપણું આવ્યું એટલે બધું ખતમ. મારા પણાની આ મમત વિનાશ તરફ દોરી જાય છે. માન, મિલકત, મારા પૈસા, મારું જ્ઞાન, મારું અનુભવ, મારી મહોલાતો, મારી કીર્તિ, મારી આબરૂ, મારું પદ, મારી પ્રતિષ્ઠાનો ગર્વ વધુ ટકતો નથી. મોહ અને લાભ વધવાથી ત્યાગની ભાવના નષ્ટ થઈ જાય છે. વસ્તુ હોય ત્યારે અને ન હોય ત્યારે પણ તેમાંથી આનંદની અનુભૂતિ પ્રાપ્ત થવી જોઈએ. આનાથી માણસ કોઈને પરવશ કે કોઈનાથી પરાધીન બનતો નથી. પરંતુ મુક્તિનો સાચો અહેસાસ આઝાદીનો સારો આનંદ માણી શકે છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# કેડીઓ ભાંડુપ સંઘમાં શ્રી આદિનાથ દાદા જિનાલયની ૭૮મી ધ્વજાનો કાર્યક્રમ ભવ્ય ભાવ સાથે સંપન્ન થયો









મુંબઈ પૂર્વ ઉપનગરના ભક્તિ રસના ભંડાર એવા ભાંડુપ કેડીઓ સંઘમાં શ્રી આદિનાથ દાદા જિનાલયની ૭૮મી ધ્વજાનો ભવ્ય કાર્યક્રમ પ્રથમરસનિધિ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા, પ.પૂ.મૌનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા સાથે પ.પૂ. તારકગુણા શ્રીજી આદિ ઠાણાની નિશ્રામાં વિધિકાર સુરેશભાઈ સોની સાથે સથવારે ભક્તિભાવ અને ધર્મ આરાધનાઓ અંગે યોજાયો. ધ્વજારોહણનો લાભ સૌ. રતનબેન મણીલાલ ચત્રભુજ નાગડા હસ્તે કુ.નેન્સી કુમાર નાગડા કોઠારાવાલા પરિવારે લીધેલ. સંગીતકાર સુરેશ સોનીના સથવારે ભાંડુપ ગામ વાસીઓએ ઊંચા ભાવે લાભ લિધેલ. સંઘના શ્રાવક-શ્રાવિકાઓ ઉમળકાભેર સહભાગી ધન્ય લાભ લીધો હતો.







# ભાંડુપ સંઘના આદિનાથ જિનાલયમાં ૧૮ અભિષેકની ધર્મ આરાધનાઓ થઈ







ભાંડુપ કેડીઓ સંઘના આદિનાથ જિનાલયમાં પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ સાધુ સાધ્વીજી મ.સા.ની નિશ્રામા વિધિકાર સુરેશ સોનીના સથવારે ધર્મભાવ સાથે ૧૮ અભિષેકની ધર્મ આરાધનાઓ ભવ્યતા સાથે થઈ.





| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

KDO
SANJIVANI

સંજીવની યોજના
દ્વારા ૧૦૦ વ્યક્તિઓને મળેલ
જીવનદાનની
ખુશાલી રૂપે

# જ્ઞાતિમૈયા માં વિશેષ પૂર્તિ

## આ વિશેષ સંજીવની પૂર્તિમાં આપનો અનુભવ, સમાજ માટે સંદેશો અને આપની વિચારધારા શનિવાર તા.૧૫ જૂન સુધી લખીને મોકલો

## આપ આપની જાહેરાત પણ આપી શકો છો

જાહેરાત ફક્ત
₹ 1000/-

Contact :
Manisha Lalka - 9820545734
Varsha Lodaya - 9833072879
Email : gyatimaiya2018@gmail.com

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**

# એક સદ્‌ગૃહસ્થ

**સંજીવની સુવર્ણ પેટ્રન** **Rs. 50,000**

# રાપરગઢવારી તિર્થના શ્રી ગોડીયા પાર્શ્વનાથ જિનાલયે ૧૩૧મો ધ્વજા મહોત્સવ









વાવાલાંપરાના નૂત્તન પંચતિર્થિના એક રાપરગઢવારી ગામે શ્રી ગોડીયા પાર્શ્વનાથ જિનાલયે ૧૩૧મો ધ્વજા મહોત્સવ બહુજ ઉત્સાહથી અને સંપૂર્ણ હાજરી સાથે રંગેચંગે તા.૨૮-૫-૨૩ અને તા.૨૯-૫-૨૩ના ઉજવાઈ ગયો.

રવિવાર તા.૨૮-૫-૨૩ના વિજયમુહુર્તે અઢાર અભિષેકનો કાર્યક્રમ યોજાયો હતો. જેના લાભાર્થી પરિવાર મા.દેવકાંબાઈ હંસરાજ પાસ્વીર મોતા પરિવાર તરફથી દેરાસરજીને સૂર્ય અને ચંદ્રના સુંદર પ્રતિકો ભેટ આપવામાં આવ્યા હતા.





# રાપરગઢવારી તિર્થના શ્રી ગોડીચા પાર્શ્વનાથ જિનાલયે ૧૩૧મો ધ્વજા મહોત્સવ





પ.પૂ.મુનિશ્રી મુક્તિરત્નસાગરશ્રીએ બે દિવસ નિશ્રા આપીને સુંદર માર્ગદર્શન આપેલ. વિધિકાર શ્રી રાજાનંદુની આગેવાનીમાં શ્રી કિશોર સંગારની સંગીતકાર મંડળીએ સુંદર સુમધુર ગીત-સંગીતથી સૌના મન હરી લીધા હતા.



સોમવાર તા.૨૯-૫-૨૩ના સવારથી આસપાસના ગામોમાંથી ભાવિકજનો પધારવા શરૂ થતા બરાબર ૯ વાગ્યે સત્તરભેદી પૂજાની શરૂઆતથી ધ્વજા મહોત્સવનો મહત્વનો પ્રસંગ આરંભાયો હતો.

લાભાર્થી પરિવાર મા.દેવકાંબાઈ હંસરાજ પાસ્વીર મોતાના ઘેરથી ઢોલ નગારા સાથે ધ્વજાઓને ગામમાં ફેરવવામાં આવી હતી અને મંડપમાં યોગ્ય વિધિ કરીને લાભાર્થી પરિવારે ધ્વજાઓ મસ્તક પર ધારણ કરીને જિનાલયે પધાર્યા હતા અને પ્રદક્ષિણા સહ બરાબર નક્કી થયેલ ચોઘડીયે ધ્વજા ફરકાવવામાં આવી હતી અને આખુ ગામ શંખનાદ સંગીતના નાદ સાથે અને વિધિકારના માર્ગદર્શન હેઠળ નાચ્યું હતું અને આ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

ધ્વજા મહોત્સવમાં આજુબાજુના ગામોના મહાજનોના પ્રતિનિધિઓ પધાર્યા હતા. જખૌ તીર્થથી મોટી સંખ્યામાં ભાવિકોએ ભાગ લીધો હતો. કચ્છ એકમના પ્રમુખ શ્રી મહેશ લાલકા, ગાંધીધામ મહાજનના પ્રમુખ શ્રી લહેરચંદ ખોના ઉપરાંત નાકોડા જૈન સંઘના પદાધિકારીઓ ઉપરાંત મુંબઈથી અજય મોતા, ભૂજથી કિશોર સાંયા, રાજુભાઈ સાંયા વગેરે માન્યવરોએ હાજરી આપી હતી.

કચ્છમાં હાલમાં સખત ગરમી છે એવા માહોલમાં અભૂતપૂર્વ હાજરી માટે સૌનો આભાર લાભાર્થી પરિવારે માન્યો હતો.

મુંબઈથી શ્રી રાપરગઢવારી - નાની સિંઘોડી જૈન સંઘના સૌ પદાધિકારીઓ અને લાભાર્થી પરિવારના કુટુંબીજનો, સગા સંબંધીની હાજરીને લીધે ધ્વજા મહોત્સવને અનન્ય સફળતા મળી હતી.





# પ્રથમ માસિક શ્રદ્ધાંજલિ



## શ્રીમતી રમીલાબેન તિલકચંદ લોડાયા

(ગામ : વરાડીયા • હાલ : એટલાન્ટા યુ.એસ.એ.)

અરિહંત શરણ : ૭-૦૫-૨૦૨૩

વાત્સલ્યમયી ધર્મ મૂર્તિ, આપ પરિવારનું કેન્દ્રબિંદુ
આપની ઉપસ્થિતિથી ચોમેર વર્તાય સ્નેહસિંધુ
ઈશશરણમાં ચિરશાંતિ પામો સ્મૃતિમાં સચવાશે સંબંધ તંતુ

-: શ્રધ્ધાસુમન :-

બહેન-બનેવી : જયુ રમેશ ટોકરશી મોમાયા (એટલાન્ટા, USA)
ભાણેજા અને ભાણેજ વધૂ : હેતલ સંજય રમેશ મોમાયા (એટલાન્ટા, USA)
કરિશ્મા અનીશ રમેશ મોમાયા (એટલાન્ટા, USA)

**પૂજ્ય દિદા ના જીગરના ટુકડા**

વિવેક અને જાનવી સંજય મોમાયા (એટલાન્ટા, USA)
અનુષ્કા અનીશ મોમાયા (એટલાન્ટા, USA)

**વેવાઈ પરિવાર**

શ્રી કુલીનકાંત પદમશી પીર પરિવાર - ડોંબિવલી
શ્રી પ્રતાપ હિરજી ધુલ્લા પરિવાર - વડાલા

# જ્ઞાતિના સિતારાઓને અભિનંદન




**Ridhi Dharini Shah**
87.20%
Godhara - Kuruva



**Nidhi Chandresh Chheda**
86%
Naliya - Shahad



**Tushant Momaya**
94.80%
Varadiya - Mulund



**Komal Nitin Khona**
65%
Suthari - Bhandup



**Divya Rajesh Dand**
77%
Parjau - Tilak Nagar



**Riya Tushar Mota**
77%
Tera - Mulund



**Unnati Ajit Momaya**
79%
Varadiya - Dombivali



**Bhagyashri Hemal Lodaya**
76%
Sanyara - Dhamangaon





**Lisa Vipin Khona**
81.60%
Suthri - Mulund



**Rucha Dhiren Shah**
84.40%
Naliya - Wadala



## બેંક એકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા આઈ ચેકઅપ કેમ્પનું આયોજન સંપન્ન

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને શેઠ શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટના ઉપક્રમે અને અનંત લેબ ના સાનિધ્યે સર્વે માંટે આઈ ચેકઅપ કેમ્પ (આંખની તપાસણીનો કેમ્પ) તા. ૨૮ મે રવિવારના રોજ મુલુંડ મુકામે રાખવામાં આવેલ હતો.

સવારના ૯ કલાકે શ્રી કુમારભાઈ બાબુભાઈ દંડ મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ તથા વિજયભાઈ સોની ટ્રસ્ટીશ્રી અને રાજેશભાઈ છેડા, મુંબઈ મહાજનના ખજાનચી તથા અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી અને મનોજભાઈ લોડાયા અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી આ સર્વે મહાનુભવોની હાજરી તથા જેમના સહયોગે આ કેમ્પ રાખવામાં આવ્યો હતો. તેવા નયના આઈ કેરના જીતેનભાઈ ખોનાની હાજરીમાં દીપ પ્રાગટ્ય કરી શ્રી અનંતનાથદાદાની છબીને તથા જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશીનાથાની છબીને હાર પહેરાવી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. લગભગ પચાસ જણાએ ઉપરોક્ત તપાસણીનો લાભ લીધો હતો અને ખુબ સારી સગવડ રાખવામાં આવી હતી.

# પ.પૂ.સાધ્વીશ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૬૩મા વર્ષમાં પ્રવેશ કર્યો



વિક્રમ સંવત ૨૦૧૭ જેઠ સુદ ૧૧ તિથિ દિને કચ્છ ગામ જખૌના માતુશ્રી કુંવરબાઈ પુનશી મૈશેરીના ધર્મનુરાગી લાડકવાઈ દીકરી સંયમ જીવન પથ સ્વીકારવાના મક્કમ ભાવ કરી પાલીતાણા તીર્થે પ.પૂ.આ.ભ.શ્રી નંદનસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી વિધૂતપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ. સાધ્વીશ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા. તરીકે નૂતન ઓળખ પામી સંયમ જીવનના પંથે વિચરણ પ્રારંભ કર્યો.

વિક્રમ સંવત ૨૦૭૯ જેઠ સુદ ૧૧ તિથિ દિને સંયમ જીવન પથ વિચરણના અવિરત ૬૨ વર્ષ પૂર્ણ કરી ૬૩મા વર્ષમાં પ્રવેશ કર્યો. આ સુમંગલ અવસરે સૌએ એવી કામના છે કે પૂજ્ય સાહેબજી આગળનું સંયમ જીવન તપ, ધર્મ, ભક્તિ આરાધના મયમાં લીન થઈ અમૃત વર્ષ વળોટી સર્વોચ્ચ શિખર શતક વર્ષે પહોંચે એ શુભભાવના સાથે શત શત વંદના.

# શ્રી સચ્ચાઈ માતાજી અને શ્રી રામદેવપીરની પહેડી ઉજવણી





શ્રી સચ્ચાઈ માતાજી અને શ્રી રામદેવપીરની પહેડી થાણા નગરે લાભાર્થી પરિવાર કલ્પનાબેન આર.ભાટે લોડાયા પરિવાર, ગામ રાપરગઢવારી, શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ રમઝટ જમાવેલ.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



રેખાબેન શિયાલ

તા.૨૨ મે (ઉ.૬૫)

દલતુંગી-ભાંડુપ



કિરીટભાઈ મોમાયા

તા.૨૩ મે (ઉ.૬૩)

વરાડીયા-મુંબઈ



સોમચંદભાઈ મૈશેરી

તા.૨૩ મે (ઉ.૬૩)

જખૌ-બલ્લારી



ભારતીબેન ખોના

તા.૨૩ મે (ઉ.૬૬)

સુથરી-ઘાટકોપર



પ્રેમિલાબેન લોડાયા

તા.૨૬ મે (ઉ.૮૯)

દલતુંગી-મુંબઈ



લક્ષ્મીચંદભાઈ લોડાયા

તા.૨૮ મે (ઉ.૮૨)

તેરા-ન્યૂયોર્ક



વંદનાબેન કુરૂવા

તા.૩૦ મે (ઉ.૬૪)

ગોધરા-વડોદરા



ચેતનાબેન દંડ

તા.૩૦ મે (ઉ.૬૨)

સાંધવ-મુલુંડ



કુસુમકાંતભાઈ લાલકા

તા.૩૧ મે (ઉ.૬૮)

વારાપધ્ધર-ડોંબિવલી



હરેશભાઈ ખોના

તા.૩૧ મે (ઉ.૫૯)

ગોરખડી-જામનગર



જયવંતીબેન લોડાયા

તા.૩૧ મે (ઉ.૬૬)

બાયઠ-ડોંબિવલી



જમકુબાઈ લોડાયા

તા.૧ જૂન (ઉ.૯૬)

સાંધવ-ખામગામ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● એક સમયે ભારતમાં ક્રિકેટની રમતમાં પુરૂષોનું આધિપત્ય જોવા મળતું હતું. પણ છેલ્લાં કેટલાક વર્ષોથી સિનારિયો બદલાયો છે અને મહિલાઓ હવે ક્રિકેટની રમતમાં કાઠું કાઢતી જોવા મળી રહે છે. એ રાહમાં કચ્છની દીકરીઓ સૌરાષ્ટ્રની ટીમ વતી રમી રાજ્ય સ્તરીય સ્પર્ધામાં કૌવત દેખાડવા થનગની રહી છે. હાલે ભુજ, ગાંધીધામ તેમજ મસ્કા ખાતે ક્રિકેટનું પધ્ધતિસરનું જ્ઞાન આપતી અલગ અલગ એકેડેમી કાર્યરત છે. આ ક્રિકેટ એકેડેમીમાં ક્રિકેટ શીખવા માટે આવતી દીકરીઓની સંખ્યા સતત વધી રહી છે. દીકરીઓ ક્રિકેટમાં આગળ વધે તે માટે વિવિધ આયોજનો સમયાંતરે હાથ ધરવા સાથે દીકરીઓ માટે અલાયદી ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજવામાં આવે તે માટે પ્રયાસોને વેગવાન બનાવાયા છે.

● સમગ્ર કચ્છ જિલ્લામાં આર્થિક ચૂકવણાઓના વ્યવહારમાં ઓનલાઈનનો હિસ્સો ૧૫ ટકાથી વધુનો છે. ટાંચા સાધનોની ઉપલબ્ધિ વચ્ચે પણ ઓનલાઈન આર્થિક વ્યવહાર માટે જિલ્લાના દસ તાલુકા પૈકી આર્થિક પાટનગર, ગાંધીધામ અને જિલ્લા મથક ભુજ મળી કુલ્લ વ્યવહારમાં ૬૦ ટકાનો હિસ્સો ધરાવે છે. મહતમ ગ્રામીણ સંસ્કૃતિ ધરાવતા અબડાસા અને લખપત ઓનલાઈન વ્યવહારોમાં ઘણા પાછળ છે. ગાંધીધામમાં ૯.૭૧ કરોડ, ભુજમાં ૩ કરોડ, મુંદ્રામાં ૧.૮૨, અંજારમાં ૧.૧૮ કરોડ, માંડવીમાં ૩૯ લાખ, રાપરમાં ૭ લાખ, ભચાઉમાં ૫ લાખનો જિલ્લામાં સાવ તળિયે રહેલ અબડાસામાં ૩૫૩૪૧ અને લખપતમાં માત્ર રૂા.૧૩૪૬૩નું ઓનલાઈન રોકડ રકમનું ચુકવણું ઓનલાઈન થયું. તેનાથી લગભગ ચાર ગણા ડિજિટલ ટ્રાન્જેકશન થયા છે.

● ભારતના ૧૭ રાજ્યમાં પાંચ કરોડ પરિવારથી વધુ સંખ્યા ધરાવતા માલધારી સમુદાયની આઝાદીના ૭૫ વર્ષના ગાળા દરમ્યાન કોઈ જ પ્રકારની અધિકારીક માહિતી એકત્ર કરાઈ નહોતી. હવે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૪ની પશુધન વસતી ગણતરીમાં માલધારી સમુદાયોના પશુધનની અલગથી ગણતરી કરવાનો નિર્ણય કરાયો છે. જેને આવકાર અપાયો છે.

● ગુજરાત કક્ષાના નેત્રહીન બહેનો માટે સંવેદનાનો સ્વાદ ઉત્સવનું ભુજ હાટ ખાતે લાયન્સ ક્લબ ઓફ ભુજ તથા કચ્છ સાઈટ ફર્સ્ટ દ્વારા કરાયેલ આયોજનમાં ૨૮ દિવ્ય ચક્ષુ બહેનોએ ભાગ લીધો હતો અને ૨૮ સ્ટોલોમાં તેમણે સ્વકુશળતા સાથે પાઉંભાજી, દાબેલી, પુલાવ, કઢી, ભેલ, દૂધી હલવો, છોલે કુલચા, દહીંવડા જેવી વાનગીઓ બનાવી મોટી સંખ્યામાં ઊમટેલ ભુજવાસીઓને વિનામૂલ્ય ખવડાવી હતી. સંસ્થા તરફથી ભાગ લેનાર બહેનોને કૂકર ભેટ આપી સન્માન કરાયું હતું.

● હાલે દેશના પ્રથમ હરોળના મહાબંદર દિનદયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા તુણા ખાતે મેગા કન્ટેનર ટર્મીનલ વિકસાવી રહ્યું છે. તો કંડલા ક્રીક પાસે જ આવેલા સતસેડા બેટમાં પણ સેટેલાઈટ પોર્ટ વિકસાવી શકાય તેની વ્યાપક સંભાવનાઓ રહેલી છે. સતસેડા બેટ ખાતે અંદાજે ૧૨ થી ૧૫ જેટી બનાવી શકાય તેવી સંભાવના રહેલી હોવાનું જણાયું છે. ભવિષ્યમાં જ્યારે પોર્ટના ડેવલોપ માટે જગ્યા નહીં હોય ત્યારે આ સ્થળ સેટેલાઈટ પોર્ટ વિકસાવી શકાય.

● ગુજરાત વિધાનસભામાં નાગરિક પુરવઠા, સિંચાઈ અને પાણી પુરવઠાની અંદાજપત્રીય માગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતા અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા પોતે ભણ્યા નથી તેનો બિલકુલ અફસોસ ન કરીને પ્રજાકીય માંગ સાંકેતિક ચિત્રો દ્વારા કચ્છના પાણી અને સિંચાઈના પ્રશ્નોની રાજ્ય સરકાર દ્વારા કરાયેલી કામગીરી અને અન્ય પડતર પ્રશ્નોની રજૂઆત કરી હતી. ગુજરાતના ઈતિહાસમાં સર્વ પ્રથમવાર સાંકેતિક ચિત્રો દ્વારા ચર્ચામાં ભાગ લીધો હોય તેવી આ પ્રથમ ઘટના છે. તેમણે માંડવીના મોડકુબા ગામે નર્મદાનું પાણી પહોંચ્યું છે તો ત્યાંથી અબડાસામાં પાણી વહેલી તકે આવે તેવી માંગણી કરી હતી. પાણીની સૌથી વધુ જરૂરિયાત અબડાસાને છે. એમ તેમણે ભારપૂર્વક રજૂઆત કરતાં કહ્યું હતું.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)